**ક્રિમીનલ કેસ નંબર ૪૧૪૭૦/૨૦૦૧**

**આંક-૧ લગત હુકમ**

---------------------------------------------------------------------------

-

રેકર્ડ ધ્યાને લીધુ, વિ. એપીપી શ્રી તર્ફે રજુ થયેલ વિડ્રો પુરશીષ ધ્યાને લીધી, જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા નાઓનો નં.ઇસી/આર્મ્સ/વશી/૧૧૨૯/૨૦૧૯, તારીખ ૦૯/૦૭/૨૦૧૯ વાળો પત્ર ધ્યાને લીધો તેમજ કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લીધી.

જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા દ્વારા તેઓના પત્ર નં.ઇસી/આર્મ્સ/વશી/૧૧૨૯/૨૦૧૯, તારીખ ૦૯/૦૭/૨૦૧૯ વાળા પત્ર અન્વયે વિ. એપીપી શ્રીને હાલનો કેસ પરત ખેંચવા માટે પરવાનગી આપવામાં આવેલ છે. હાલનો કેસ ડોરમેન્ટ કેસ છે અને ઘણા લાંબા સમયથી કોર્ટમાં પેન્ડીંગ છે અને હાલના કેસમાં આરોપી ઘણા લાંબા સમયથી મળી આવતો નથી અને તે કારણોસર હાલનો કેસ આગળની વધુ કાર્યવાહી માટે પેન્ડીંગ છે. વધુમાં, આ કેસ નજીવી સજાને પાત્ર ગુન્હાનો કેસ છે અને આરોપીને શોધવા પ્રયાસ કરવો કોર્ટનો સમય અને શકિતના વ્યય સમાન છે અને તે કારણોસર કોર્ટ અત્રેની કોર્ટમાં પેન્ડીંગ ગંભીર પ્રકારના ગુન્હાના કેસમાં પુરતુ ધ્યાન પણ આપી શકતી નથી. જેથી કોર્ટ ગંભીર પ્રકારના ગુન્હાના કેસમાં પુરતુ ધ્યાન આપી ગંભીર પ્રકારના ગુન્હાના કેસમાં પુરતુ ધ્યાન આપી તેવા કેસો કાળજીપુર્વક ચલાવી શકે તે માટે અને અત્રેની કોર્ટમાં પેન્ડીંગ ફોજદારી કેસોનું ભારણ ઓછુ થાય તે માટે જાહેર હિતમાં તથા ન્યાયના વિશાળ હિતમાં વિ. એપીપી શ્રી દ્વારા આપવામાં આવેલ વિડ્રો પુરશીષ ધ્યાને લઇ હાલના કેસના નિકાલ અર્થે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-- :: આખરી હુકમ :: --**

વિ. એપીપી શ્રીની હાલનો કેસ પરત ખેંચવા અંગેની આંક-૭ વાળી પુરશીષ ધ્યાને લઇ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૧ મુજબ હાલનો કેસ વિડ્રોથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. હાલના કેસના આરોપી/ઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ જો દેશી/વિદેશી દારૂ હોય તો તેનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

મુદામાલ જો રોકડ રકમ હોય તો અપીલ સમય વિત્યા બાદ સરકાર જમા કરવી.

હાલના કેસમાં તપાસના કામે કબ્જે કરવામાં આવેલ મુદામાલ જો વાહન/મોબાઇલ/ઘરેણા હોય અને કોર્ટ દ્વારા હુકમ કરી વચગાળાની કસ્ટડીએ કોઇ વ્યકિતને પરત સોંપવાનો હુકમ કરવામાં આવેલ હોય તો, તે હુકમ આથી કાયમ કરવામાં આવે છે અને જો આવા મુદામાલ અંગે આજદીન સુધી કોઇ વચગાળાનો હુકમ કરવામાં ન આવેલ હોય તો સદરહું મુદામાલ અસલ માલિકને તેના માલિકીપણાની

ખરાઇ કરી અને માલિકીપણાના જરૂરી પુરાવા મેળવી, ખાત્રી કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

બિનકિંમતી મુદામાલનો અપીલ સમય વિત્યાબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૩મી માહે જુલાઇ, સને ૨૦૧૯ ના રોજ સ્પેશીયલ સીંટીંગ દરમીયાન ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૩/૦૭/૨૦૧૯
સ્પેશીયલ સીંટીંગ,
વડોદરા.

**(એન. પી. ઉનડકટ)**
**૨૬માં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**વડોદરા.**
**કોડ નં.જીજે૦૧૦૫૮**